જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૨૫૬/૨૦૨૫**

ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૭૫/૨૦૧૫ ધી ઈ.પી.કો. કલમ ૩૦૭,૧૨૦(બી),૧૧૪ મુજબના તથા સેશન્સ કેસ નંબર ૧૯૧/૨૦૧૭ મુજબના ગુનાના કામે આરોપી અનુપમ સુરેન્દ્રસિંહ તોમર (રહે. બ્લોક નંબર ૨૬૮/૧૯૫૩ ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર પોસ્ટ ઓફીસની બાજુમાં આઝાદ ચોક અમદાવાદ શહેર, મુળ વતન. ગામ.રાતેરી તા.ભારથાના જી.ઈટાવા ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂં નાસતા ફરતા હોય મે.એડી.સેશન્સ નામદાર જજ શ્રી એમ.પી.પુરોહિત સાહેબ, અધિક મુખ્ય ન્યાયાધીશ કોર્ટ નંબર–૦૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૦૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૫**

નરોડાઃ નરેશકુમાર મફતલાલ મોદી (ઉ.વ.૪૪)(રહે.શ્યામકુટીર– ૨, આર.પી.વસાણી સ્કુલ પાસે નિકોલ) એ તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૫ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે નરોડા હરીદર્શન રોડ વસંતવિહાર પાસે "વિનાયક ગોલ્ડ પેસેલ" નામની નરેશકુમારની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ એક અજાણી સ્ત્રી એ નરેશકુમાર તથા તેમના સેલ્સમેનની નજર ચુકવી દુકાનમાંથી એક સોનાની વિંટી કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ વિહાભાઇ ચલાવે છે.

ચોથા માળથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૦/૨૦૨૫**

બોડકદેવઃ સેટેલાઇટ બોપલ–આંબલી રોડ લેબર કોલોની "મારૂતિ આત્મન" નામની નવી સાઇટ ઉપર રહેતા અને ત્યાંજ કામ કરતા આશાબહેન ભવાની નાનામાં (ઉ.વ.૨૨)(મુળ રહે. ગામ–ખોખરવા તા.–બાગેદરા જી–બાસવાડા રાજસ્થાન) તા.૦૬/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે "મારુતિ આત્મન" સાઇટ ખાતે "બી" બ્લોકના ચોથા માળે કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી લિફ્ટના ડંકમાં નીચે પડી જતા, ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૧/૨૦૨૫**

નિકોલઃ નિકોલ કઠવાડા રોડ દાસ્તાન સર્કલ પાસે ગલા તલાવડીના છાપરાં ખાતે રહેતા સુરેશભાઈ નારણભાઈ પ્રજાપતિ નાઓનો સોળ વર્ષનો પુત્ર તા.૦૬/૦૯/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે લારીની લાઈટ માટે લારીમાં પડેલ ઇન્વર્ટર ચાર્જ કરવા માટે સ્વીચ ચાલુ કરી ઇન્વર્ટર ચેક કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેને શેલબી હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરણભાઈ ભીખાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૨/૨૦૨૫**

સરખેજઃ સંદિપભાઇ દિપકભાઇ અઘારા (ઉ.વ.૨૬)(રહે.અંબિકાનગર સ્વામિનારાયણ મંદિર સામે નવા વણઝર ગામ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૫ સવારના ૮/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રતિક્ષાબહેન રાજેશભાઈ ચલાવે છે.

ઓઢવઃ રાહુલ લાખાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮)(રહે.પરમેશ્વર હાઈટસ સિંગરવા પાર્ટી પ્લોટ પાસે સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૫ સાંજના ૫/૩૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડાના સીલીંગ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

નારોલઃ અમિત બીપીનનારાયાણ નિગમ (ઉ.વ.૪૯)(રહે.મંથન ટેનામેન્ટ, ભગીરથ હોમ્સ પાસે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૯/૨૦૨૫ સવારના ૫/૩૫ વાગ્યે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશકુમાર દિનેશભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી